# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૨

:- suratdeo@gmail.com web :-www.suratdeo.org


જા.નં./મા-૬/૨૦૨૪/ ૧૧૫૫૮ તા. ૨૪/૦૭/૨૦૨૪

પ્રતિ,
સંચાલકશ્રી/આચાર્યશ્રી,
પ્રાથમિક,માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,
જિ.સુરત

વિષયઃ- રાજયમાં આવલી શૈક્ષણિક સંસ્થાઓના કિસ્સાઓમાં ફાયર સેફટી સર્ટીફીકેટ માટે માર્ગદર્શન મુજબ અમલ કરવા બાબત.

સંદર્ભઃ-નિયામકશ્રી શાળાઓની કચેરી,બીજો માળ,વિદ્યા સમીક્ષા કેન્દ્ર,સેકટર-૧૯, ગાંધીનગરનો પત્ર ક્રમાંક નં : પરચ/૨૦૨૪/૬૬૫૦-૬૬૪૯ તા.૨૦/૦૭/૨૦૨૪

આ સાથે સામેલ નિયામકશ્રી શાળાઓની કચેરી, ગાંધીનગરનો તા.૨૦/૦૭/૨૦૨૪ પત્ર અન્વયે શાળાઓમાં રાખવાની ફાયર સેફટી અંગેની માગંદર્શન સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવા તથા અમલ કરવા જણાવવામાં આવે છે. જો આ સુચનાનું ચૂસ્તપણે સમયમર્યાદામાં પાલન નહિ કરવામાં આવે તો નિયમાનુંસારની કાર્યવાહી કરવામાં આવશે.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

નકલ રવાના જાણ તથા તમામ શાળાને માર્ગદશિત કરવા તથા અમલ અર્થે.
(૧) શિક્ષણ નિરીક્ષક,તમામ, સદર કચેરી,
(૨) મદદનીશ શિક્ષણ નિરીક્ષક તમામ,સદર કચેરી

નિયામકશ્રી, શાળાઓની કચેરી,
બીજો માળ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર,
સેક્ટર-૧૯, ગાંધીનગર-૩૮૨૦૨૧.


ક્રમાંક: પરચ/૨૦૨૪/ ૬૬૫૦-૬૬૪૯ ,  તા.૨૦-૦૭-૨૦૨૪

By Email

પ્રતિ,
(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ.
(૨) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ.
(૩) શાસનાધિકારીશ્રી, તમામ.

વિષય: રાજ્યમાં આવલી શૈક્ષણિક સંસ્થાઓના કિસ્સાઓમાં ફાયર સેફ્ટી સર્ટીફીકેટ માટે માર્ગદર્શન કરવા બાબત.

સંદર્ભ: નિયામકશ્રી, રાજ્ય અગ્નિ નિવારણ સેવાઓની કચેરી, ગાંધીનગરના તા.૨૦/૦૭/૨૦૨૪ નો પરિપત્ર.

ઉપરોક્ત વિષયનો સંદર્ભ દર્શિત પરિપત્ર આ સાથે સામેલ રાખી તેની જાણ આપની તાબા હેઠળની તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં ચુસ્તપણે અમલ કરાવવા અર્થે મોકલી આપવામાં આવે છે.

બિડાણ : સંદર્ભ દર્શિત પરિપત્ર.

| | |
|---|---|
| મદદનીશ નિયામક | સંયુક્ત નિયામક |
| (માધ્યમિક) | (પ્રાથમિક) |
| ગુ.રા. ગાંધીનગર | ગુ.રા. ગાંધીનગર |

નકલ સવિનય રવાના :
- માન. સચિવશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, ગાંધીનગર
- માન. નિયામકશ્રી, રાજ્ય અગ્નિ નિવારણ સેવાઓની કચેરી, ગાંધીનગર
- માન. નિયામકશ્રી (શાળાઓ)ના રહસ્ય સચિવશ્રી, નિયામક શાળાઓની કચેરી, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી, ગાંધીનગર.

WE SERVE TO SAVE
રાજ્ય અગ્નિ નિવારણ સેવાઓની કચેરી
બ્લોક નં.૧૩, ત્રીજો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર-૩૮૨૦૧૦.
ઇમેલ: dir-sfps-gnr@gujarat.gov.in, ટેલીફોન નં. ૦૭૯૨૩૨-૫૭૦૨૨

સત્યમેવ જયતે

રાજ્યમાં આવેલી શૈક્ષણિક સંસ્થાઓના કિસ્સાઓમાં ફાયર સેફ્ટી સર્ટિફિકેટ માટે માર્ગદર્શન કરવા બાબત.

**પરીપત્ર:**

ગુજરાત ફાયર પ્રિવેન્શન એન્ડ લાઇફ સેફ્ટી મેઝર્સ રુલ્સ, ૨૦૨૧નાં થર્ડ શીડયુલ તેમજ નેશનલ બિલ્ડીંગ કોડ ભાગ-૪ ની કલમ ૧.૨b). ૧). અને ૨). અન્વયે ૯ મીટર કે તેથી વધારે ઊંચાઈ ધરાવતા અથવા એક કે વધારે ફ્લોર ઉપર ૫૦૦ ચો.મી. ક્ષેત્રફળ ધરાવતાં શૈક્ષિણક હેતુસરનાં બિલ્ડીંગને ફાયર પ્રોટેકશનની જોગવાઈ લાગુ પડે છે. તેમજ આવી ઇમારતો માટે સ્થાનિક ફાયર એન્ડ ઇમરજન્સી સર્વિસનાં ફાયર સેફ્ટી સર્ટિફિકેટની લેવાની અને લીધેલ ફાયર સેફ્ટી સર્ટિફિકેટને રિન્યુઅલ કરવાની જરૂર રહે છે.

આ સિવાયનાં ઊંચાઈમાં ૯ મીટરથી ઓછા અથવા ક્ષેત્રફળમાં ૫૦૦ ચો.મી. થી નાના શૈક્ષિણક હેતુસરનાં બિલ્ડીંગ માટે સ્થાનિક ફાયર એન્ડ ઇમરજન્સી સર્વિસનાં ફાયર સેફ્ટી સર્ટિફિકેટની જરૂર રહેતી નથી. આવા બિલ્ડીંગ માટે શાળાનાં સંચાલકોએ બી.આઈ.એસ. કોડ: ૨૧૯૦ અનુસાર પોર્ટેબલ ફાયર એક્સટિંગ્યુશર રાખી સેલ્ફ સર્ટિફાઈ કરવાનું રહેશે.

(નલિનકુમાર આર.ચૌધરી)
નિયામક
રાજ્ય અગ્નિ નિવારણ સેવાઓ, ગાંધીનગર

પ્રતિ,

1. જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી, તમામ.
2. ચીફ ફાયર ઓફિસરશ્રી, ફાયર એન્ડ ઇમરજન્સી સર્વિસીસ, અમદાવાદ, ગાંધીનગર, સુરત, વડોદરા, રાજકોટ, જામનગર, જુનાગઢ, ભાવનગર મહાનગરપાલિકા.
3. ચીફ ફાયર ઓફિસરશ્રી, ગીફ્ટ સીટી, ગાંધીનગર.
4. રીજીયોનલ ફાયર ઓફિસરશ્રી, રીજીયોનલ ફાયર ઓફિસ, અમદાવાદ, ગાંધીનગર, ભાવનગર, સુરત, વડોદરા, રાજકોટ.

નકલ સવિનય રવાના:

1. અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગર.
2. અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગ, ગાંધીનગર.
3. સચિવશ્રી, શિક્ષણ વિભાગ, ગાંધીનગર.
4. ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી, ગાંધીનગર.
5. કમિશ્નરશ્રી (શૈક્ષણિક સંસ્થાઓ), ગાંધીનગર.
6. પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, ગાંધીનગર.
7. નિયામકશ્રી, ટેકનિકલ શિક્ષણની કચેરી, ગાંધીનગર.
8. કમિશ્નરશ્રી, મ્યુનિસિપાલીટીઝ એડમીનીસ્ટ્રેશનની કચેરી, ગાંધીનગર.
9. કમિશ્નરશ્રી, મહાનગરપાલિકા- અમદાવાદ, ગાંધીનગર, સુરત, વડોદરા, રાજકોટ, જામનગર, જુનાગઢ, ભાવનગર.
10. પ્રાદેશિક કમિશ્નરશ્રી, પ્રાદેશિક નગરપાલિકાઓની કચેરી, અમદાવાદ, ગાંધીનગર, ભાવનગર, સુરત, વડોદરા, રાજકોટ ઝોન.
11. નાયબ સચિવશ્રી(લ-૧), શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગર.
12. ફાયર એડવાઇઝરશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગર.
13. સિલેક્ટ ફાઇલે.

Signature Not Verified
Signed by: Nalinkumar Revabhai Chaudhary
Director
Date: 2024.07.20 14:33:52

File No: DSFPS/Pol/e-file/319/2024/0058/Admin
Approved By: Director,Fire,DSFPS

Open the document in Adobe Acrobat DC to verify the E-sign

सत्यमेव जयते

કમિશનર શાળાઓની કચેરી,
વિદ્યા સમીક્ષા કેન્દ્ર, ત્રીજો માળ,
પુનિત વન સામે, સેક્ટર-૧૯,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
E-mail : jamin.bandhakam.cos@gmail.com

ક્રમાંક: COS/FIRE-NOC/૨૦૨૪/૨૪૮-૩૨૭ તા.-૨૪/૦૭/૨૦૨૪.

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
શાસનાધિકારીશ્રી,
તમામ.

વિષય:- રાજયની શાળામાં ફાયર એન.ઓ.સી. તથા ફાયર સેફટીના ધોરણોની અમલવારી કરવા બાબત
સંદર્ભ:- શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંક:-મશબ/૧૦૨૪/૧૪૧/છ, તા.૨૪/૦૭/૨૦૨૪

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, ફાયર એન.ઓ.સી. ધરાવતી ન હોય તેવી શાળાઓએ દિન-૩૦માં Fire NOC મેળવી લેવા અંગે આપના નિયંત્રણ હેઠળની શાળાઓને આપની કક્ષાએથી સૂચના આપવાની રહેશે.વધુમાં, આવી શાળાઓ ખાતે આ સમયગાળા દરમ્યાન સ્થાનિક શાળાકીય પરિસ્થિતિને ધ્યાનમાં લઇ નીચે મુજબની માર્ગદર્શક સૂચનાઓને ધ્યાનમાં લઈને શૈક્ષણિક કાર્ય થાય તે માટે આપના નિયંત્રણ હેઠળના શાળાઓને તથા નિરીક્ષણ હેઠળના અધિકારીઓને સૂચનાઓ આપવા વિનંતી છે.

માર્ગદર્શક સૂચનાઓ :-

1. બે કે તેથી વધારે માળ ધરાવતી શાળાઓએ ગ્રાઉન્ડ ફ્લોર અને પ્રથમ માળનો શૈક્ષણિક કાર્ય માટે ઉપયોગ કરવો.
2. જે શાળામાં વિધાર્થી સંખ્યા વધારે હોઇ તે શાળામાં સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારી/ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/ શાસનાધિકારીને જાણ કરી પાળી પધ્ધતિ ચલાવવી.
3. જે શાળાઓમાં અદ્યતન રીતે ઓનલાઇન શિક્ષણ આપવા માટે સુવિધા ઉપલબ્ધ હોઇ તે શાળાઓ ઓનલાઇન શિક્ષણ આપી શકશે.
4. જે શાળાનો ફ્લોર એરીયા ૫૦૦ ચો.મી.થી વધુ હોય તેવી શાળાઓએ શક્ય હોય ત્યા સુધી ૫૦૦ ચો.મી.થી ઓછા ફ્લોર એરીયાનો શૈક્ષણિક કાર્ય માટે ઉપયોગ કરવો.
5. શાળા સમય દરમ્યાન આગ લાગી શકે કે પ્રસરી શકે તેવા કોઇપણ પ્રકારના જવલનશીલ પદાર્થો/વસ્તુઓ રાખી શકાશે નહી અને તેવી કોઇ પ્રવૃતિ કરી શકાશે નહીં.
6. શાળાના પરિસરમાં આવેલ પેન્ટ્રી/રસોઇઘર/કેન્ટીનનો આ સમયગાળા દરમ્યાન ઉપયોગ ન કરવો.
7. ઇલેક્ટ્રીસીટીના મંજૂર થયેલા લોડ(કેપેસીટી) મુજબ જ ઇલેક્ટ્રીક સાધનોનો ઉપયોગ કરવો તેમજ વધુ પડતા અને વધુ વિજ વપરાશ કરતા સાધનોનો ઉપયોગ ટાળવો.

8. શાળાઓમાં શૈક્ષણિક કાર્ય દરમ્યાન પુરતો હવા ઉજાસ જળવાય રહે, બારી બારણા ખુલ્લા રહે તેની તકેદારી રાખવી.

9. આવી શાળાઓમાં જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળના પરામર્શમાં રહી શાળાઓમાં મોક ડ્રીલ/તાલીમનું આયોજન કરવું.

10. આ સમયગાળા દરમ્યાન શાળાઓએ અગ્નિશમન માટે તાત્કાલિક ધોરણે પૂરતા પ્રમાણમાં રેતી ભરેલી ડોલ અને પાણી તેમજ અન્ય આનુષાંગિક વ્યવસ્થા તૈયાર રાખવી.

11. શાળાઓએ ફાયર સેફ્ટી પ્લાન સરળ ભાષામાં તૈયાર કરી અને યોગ્ય જગ્યાએ પ્રદર્શિત કરવો.

12. રાજ્યની અગ્નિ નિવારણ સેવાઓની કચેરી તેમજ તેની ક્ષેત્રિય કચેરીઓના સંપર્ક/સંકલનમાં રહી જરૂરી માર્ગદર્શન મેળવી તે મુજબ કાર્યવાહી કરવાની રહેશે. આકસ્મિક સંજોગોમાં નજીકની અગ્નિ નિવારણ સેવાઓની કચેરીનો તાત્કાલિક સંપર્ક કરી મદદ મેળવવાની રહેશે.

13. આ સમયગાળા દરમ્યાન શાળામાં કોઇ અનિચ્છનીય બનાવ/ઘટના બનશે તો તેની સંપુર્ણ જવાબદારી જે તે શાળાની રહેશે.

ઉક્ત સુચનાઓનું આવી તમામ શાળાઓએ આ સમયગાળા દરમ્યાન પાલન કરવાનું રહેશે અને સમય મર્યાદામાં ફાયર એન.ઓ.સી.ની મંજૂરી અને ફાયર સેફટીના સાધનોની વ્યવસ્થા કરવાની રહેશે અન્યથા શાળાની માન્યતા રદ કરવાની કાર્યવાહી કરવાની રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી/ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/ શાસનાધિકારીઓએ આવી શાળાઓનું સમયાંતરે નિરીક્ષણ થાય, માર્ગદર્શન અપાય તેમજ સમય મર્યાદામાં એન.ઓ.સી મેળવવાની તેમજ ફાયર સુવિધાના સાધનોની કામગીરી સમયમર્યાદામાં પુરી થાય તે રીતે આયોજન કરવાનું રહેશે. વધુમાં ફાયર એન.ઓ.સી. માટે અરજી કરવામાં બાકી રહેતી શાળાઓ દ્વારા દિન-૧૦માં અરજી થઇ જાય તે સંબંધિત તમામ નિયંત્રણ અધિકારીએ સુનિશ્ચિત કરવાનું રહેશે, તેમજ તે અંગેની માહિતી સંબંધિત વડી કચેરીને તા.૦૫/૦૮/૨૦૨૪ પહેલા મોકલી આપવાની રહેશે. ફાયર એન.ઓ.સી. માટે અરજી થયા બાદ દિન-૩૦માં શાળાઓ ફાયર એન.ઓ.સી.મેળવી લે તેનું પણ અઠવાડિક સઘન મોનીટરીંગ સબંધિત નિયંત્રણ અધિકારીએ કરવાનું રહેશે.

વધુમાં, સદર બાબતે વડી કચેરીઓ દ્વારા દસ-દસ દિવસે તબક્કાવાર સમીક્ષા કરવામાં આવશે.

| | | |
|---|---|---|
| સંયુક્ત શિક્ષણ નિયામક | સચિવ | સંયુક્ત શિક્ષણ નિયામક |
| પ્રાથમિક શિક્ષણ | ગુજરાત મા. અને ઉ.મા. શિક્ષણ | નિયામક શાળાઓની કચેરી, |
| ગાંધીનગર | બોર્ડ, ગાંધીનગર | ગાંધીનગર |

નકલ રવાના::

- નાયબ સચિવશ્રી (માધ્યમિક), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.